નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ હસ્તકની નાયબ નિયામકશ્રી(અ.જા.ક.)ની કચેરી જિ.બનાસકાંઠા અને જિ.આણંદ માટે નવા વાહન ખરીદવાની વર્ષ ૨૦૨૧-૨૨ ની નવી બાબતને વહીવટી મંજૂરી આપવા બાબત.
રૂ.૧૪.૦૦ લાખ.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક:મકમ/૧૦૨૦૧૯/ન.બા-૧/જ
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:-૨૯/૦૬/૨૦૨૧

વંચાણમાં લીધા-

(૧) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણનો તા.૨૩/૧૦/૨૦૨૦નો પત્ર ક્રમાંક: અજાક/રેકર્ડ/નવી બાબત/ ૨૦૨૦/૬૩૯-૪૦/ખ

(૨) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણનો તા.૦૮/૦૪/૨૦૨૧નો પત્ર ક્રમાંક: અજાક/રેકર્ડ/૨૦૨૧/ ૪૪૨/ખ

આમુખ:-

વંચાણે લીધેલ ક્રમાંક : (૧) પરના તા.૨૩/૧૦/૨૦૨૦ના પત્રથી નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગર દ્વારા નાણાંકીય વર્ષ:- ૨૦૨૧-૨૨માં નાયબ નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી, જિ.બનાસકાંઠા અને નાયબ નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી, જિ.આણંદ એમ બે જિલ્લા કચેરીઓ માટે નવા વાહન ખરીદવા માટે વાહનદીઠ રૂ.૭.૦૦ લાખ પ્રમાણે રૂ.૧૪.૦૦ લાખની નવી બાબતની દરખાસ્ત કરવામાં આવેલ હતી. જેને સૈધ્ધાંતિક મંજૂરી મળતાં વર્ષ ૨૦૨૧-૨૨ના અંદાપત્રમાં કુલ રૂ.૧૪.૦૦ લાખની બજેટ જોગવાઈ કરવામાં આવેલ છે. નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગર દ્વારા વંચાણે લીધેલ ક્રમ: (૨) પરના તા:૦૮/૦૪/૨૦૨૧ના પત્રથી ઉક્ત નવી બાબતને વહીવટી મંજૂરી આપવા સરકારશ્રીમાં દરખાસ્ત કરવામાં આવેલ છે.

## ઠરાવ:-

નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગરની દરખાસ્ત પરત્વે પુખ્ત વિચારણાને અંતે, **નાયબ નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી, જિ.બનાસકાંઠા અને નાયબ નિયામકશ્રી,** અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી, જિ.આણંદ એમ બે જિલ્લા કચેરીઓ માટે નવા વાહન ખરીદવા માટે વાહનદીઠ રૂ.૭.૦૦ લાખ પ્રમાણે રૂ.૧૪.૦૦ લાખની વર્ષ ૨૦૨૧-૨૨ની નવી બાબતને નીચે મુજબની શરતોને આધિન આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

## શરતો:

(૧) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ વર્ષ ૨૦૨૧-૨૨ની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણા વિભાગ દ્વારા વખતો-વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાંકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૪) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિદ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૫) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિ. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) આ યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનુ રહેશે.

(૭) વાહનની ખરીદી બંદર અને વાહન વ્યવહાર વિભાગના તા.૨૪/૯/૨૦૦૮ના ઠરાવ ક્રમાંકઃજીટીએસ/૧૦૨૦૦૬/યુઓ-૮/ઘ ની જોગવાઈ અને શરતોને અનુસરીને જે તે નાણાકીય વર્ષ દરમિયાન કરવાની રહેશે.

(૮) બંદર અને વાહન વ્યવહાર વિભાગ દ્વારા નિયત કરવામાં આવેલ નીતિ અનુસાર જ વાહન ખરીદવાનું રહેશે તે સિવાયનું વાહન ખરીદવાનું રહેશે નહીં.

(૯) નવા વાહનની ખરીદી કન્ડમ વાહન સામે કરવાની હોય તો કન્ડમ કરેલ વાહનની નિયત પ્રક્રીયા અનુસાર જાહેર હરાજી કરી ઉપજેલ રકમ સત્વરે સરકારમાં જમા કરાવવાની રહેશે.

(૧૦) બંદરો અને વાહન વ્યવહાર વિભાગના તા.૨૪/૯/૨૦૦૮ના ઠરાવ પ્રમાણે ખરીદેલ વાહનને પેટ્રોલ સંચાલિત હોય તો તેને સીએનજીમાં રૂપાંતર કરાવવાની વિભાગની જવાબદારી રહેશે.

(૧૧) બંદરો અને વાહન વ્યવહાર વિભાગના તા.03/0૬૨૦૨૧ના ઠરાવ ક્રમાંક: જીટીએસ/૧૦૨૦૧૭/૬૨૭/ઘ ની જોગવાઈ મુજબ રદ્દ બાતલ કરવામાં આવેલ વાહનો વધુમાં વધુ દિવસ- ૯૦ (નેવું) માં નિકાલ કરવાના રહેશે.

આ અંગે થનાર ખર્ચ વર્ષ:૨૦૨૧-૨૨ના અંદાજપત્રમાં માંગણી ક્રમાંક: ૯૫, મુખ્ય સદર: ૨૨૨૫, અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અને અન્ય પછાતવર્ગોનું કલ્યાણ, પેટા મુખ્ય સદર: ૦૧ અનુસૂચિત જાતિઓનું કલ્યાણ, ગૌણ સદર: ૦૦૧ નિર્દેશ અને વહીવટ, પેટા સદર: SCW-23, અનુસૂચિત જાતિઓ માટે ખાસ અંગભુત યોજના વાહનોની ખરીદી માટે નાણાકીય સહાય હેઠળ ઉધારવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણાં વિભાગની તા.૨૧/૦૬/૨૦૨૧ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(દિગ્વિજયસિંહ કુંપાવત)
સેકશન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

1. માન. મંત્રીશ્રી કાર્યાલય, સામાજિક ન્યાય અને અધિકારીતા, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
2. અધિક મુખ્ય સચિવશ્રીનું કાર્યાલય, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
3. અધિક મુખ્ય સચિવશ્રીનું કાર્યાલય, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
4. નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
5. એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ/ રાજકોટ.
6. પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ.
7. નાણાં સલાહકારશ્રી(સા.ન્યા.), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
8. સેકશન અધિકારી, બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

૯. સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સા.ન્યા. અને અધિ. વિભાગ, ગાંધીનગર તરફ વિભાગની વેબસાઈટમાં જ-શાખાના ઠરાવોની યાદીમાં સામેલ કરવાની વિનંતી સાથે

10. પસંદગી ફાઇલ ૨૦૨૧.